# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-04-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે

****************************************************

1) ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં પાંચ વાગ્યા સુધી 54.42 ટકા મતદાન.
2) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ઝંઝાવાતી પ્રચાર-મુખ્યમંત્રીનો સુરતમાં રોડ શો- કોંગ્રેસે ગ્રામીણ ગુજરાત માટેનું સંકલ્પ પત્ર રજૂ કર્યું.
3) ભરૂચ જિલ્લાની ઝઘડિયા GIDCમાં આગની ઘટનામાં 15થી વધુ શ્રમિક દાઝ્યા.
4) રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમી વધવાની આગાહી.
5) ઢાઈ અખર પત્રલેખન સ્પર્ધામાં ભાવનગરની કોલેજના ગ્રંથપાલે રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમ મેળવ્યો.

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# UMRETH POLL

આણંદ જિલ્લાની ઉમરેઠ વિધાનસભા બેઠક પર આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું. બપોરે પાંચ વાગ્યા સુધી 54.42 ટકા મતદાન નોંધાયું છે. કુલ 306 મતદાન મથકો પર મતદાન પ્રક્રિયા યોજાઇ. આ બેઠક પર ભાજપના હર્ષદ પરમાર અને કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ સહિત 6 ઉમેદવારો મેદાનમાં છે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(VOICE CAST : PARESH MAKWANA)

ઉલ્લેખનીય છે કે સતત બે વખત ચૂંટાયેલા ભાજપના ધારાસભ્ય સ્વર્ગીય ગોવિંદ પરમારનું અવસાન થયા બાદ ઉમરેઠ બેઠક ખાલી પડી હતી ભાજપે ગોવિંદભાઈના પુત્રને ઉમેદવાર તરીકે ઉતાર્યા છે.

# ELECTION CAMPAIGN

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સુરતના નાના વરાછાથી હીરા બાગ સુધી રેલી યોજી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ બનાસકાંઠા જિલ્લાની ધાનેરા વિધાનસભાના થાવર ગામે 'વિકાસ સંકલ્પ સભા'ને સંબોધી. બીજી તરફ કોંગ્રેસે આજે અમદાવાદ ખાતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના અનુસંધાને ગ્રામીણ ગુજરાત માટે કોંગ્રેસનું સંકલ્પ પત્ર રજૂ કર્યું. જેમાં પંચાયતી રાજ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાનો સંકલ્પ કરાયો.

બીજી તરફ આમઆદમી પાર્ટીના નેતા અને સાંસદ સંજય સિંહે પણ દાહોદના લિમખેડામાં વિજય વિશ્વાસ સભા સંબોધી. તો વલસાડમાં પણ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ ગરમાયો છે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(VOICE CAST: NAVEEN PATEL)

# POLICE BANDOBAST

રવિવારે યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને પગલે વિવિધ મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરાઇ છે. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે હજારો પોલીસ જવાનો તૈનાત રહેશે. અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી અંતર્ગત યોજાનાર મતદાન દરમિયાન પણ સઘન પોલીસ બંદોબસ્ત રહેશે. જે અંગે પોલીસ કમિશનર જી. એસ. મલિકે વધુ માહિતી આપી.

**(BYTE: G. S. MALIK, CP)**

# OATH-VOTE-MORBI

રાજ્યભરમાં મતદાન જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. તે અંતર્ગત રાજકોટ, વાંકાનેર તથા મોરબી તાલુકાની 150થી વધુ દૂધ ઉત્પાદક મંડળીઓના સભ્યોએ ચૂંટણીમાં અચૂક મતદાનનો સંકલ્પ લીધો. દૂધ ઉત્પાદક મંડળીના સભ્યો મતાધિકારનો ઉપયોગ કરે તેમજ નાગરિકો પણ મતદાન કરવા પ્રેરાય તે માટે રાજકોટ,વાંકાનેર તથા મોરબી તાલુકાની સહકારી મંડળીઓએ અનોખો અભિગમ અપનાવ્યો છે. આ તાલુકાઓની 150 જેટલી દૂધ મંડળીઓમાં સદસ્યો અચૂક મતદાન કરવાના શપથ ગ્રહણ કરી રહ્યા છે. તેઓ અન્ય સભ્યો તેમજ નાગરિકોને પણ સંદેશ આપી રહ્યા છે. મંડળીમાં દૂધ પૂરું પાડતા સદસ્યોને અપાતી સ્લીપમાં પણ મતદાન કરવાના સંદેશ છાપીને મતાધિકારની પ્રેરણા અપાઈ રહી છે.

પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને સ્વીપ એક્ટિવિટી હેઠળ મતદાન જાગૃતિ અભિયાન તેજ બનાવાયું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ વિવિધ શાળાઓમાં કાર્યક્રમો યોજાયા। ગોધરાની મોડેલ સ્કૂલ, પીએમ શ્રી મોડેલ સ્કૂલ તેમજ શહેરા ગામમાં રંગોળી દ્વારા મતદારોને જાગૃત કરવામાં આવ્યા.

# SPIPA TRAININIG

મુખ્ય સચિવ મનોજકુમાર દાસે વહીવટી તંત્રમાં સચિવાલયના અધિકારીઓની ભૂમિકાને મહત્વની ગણાવી. આજે સચિવાલયના ઉપસચિવો માટે સ્પીપા દ્વારા ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય વિશેષ તાલીમનો પ્રારંભ કરાવતા તેમણે જણાવ્યું, AI અને નવી ટેકનોલોજી દર બે વર્ષે બમણી ગતિએ આગળ વધી રહી છે, ત્યારે અધિકારીઓએ આધુનિક ટેકનોલોજી સાથે કદમ મિલાવવા માટે સતત અપડેટ રહેવું અને તાલીમ લેવી અનિવાર્ય છે.

આ તાલીમમાં વક્તાઓ દ્વારા વહીવટી ક્ષમતા, વિકાસ અને નેતૃત્વના ગુણ, ગુડ ગવર્નન્સ, સાયબર સિક્યુરિટી અને ડિજિટલ પડકારો, પબ્લિક પ્રોક્યુરમેન્ટ, જાહેર નાણાકીય વ્યવસ્થાપન, કોર્ટ સંબંધિત બાબતો તેમજ નીતિ નિર્ધારણ, વહીવટી કાર્યક્ષમતામાં વધારો જેવા વિવિધ વિષયો પર તાલીમ આપશે.

# CBSE - 2nd PHASE EXAM

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSEની ધોરણ 10 ની બીજા તબક્કાની પરીક્ષા 15 મે થી યોજાશે. આ પરીક્ષા વૈકલ્પિક છે અને જે વિદ્યાર્થીઓ પ્રથમ તબક્કાની પરીક્ષાના પોતાના ગુણ સુધારવા માંગે છે તેઓ આ પરીક્ષા આપી શકશે. પાસ થયેલા બધા વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષાઓમાંથી કોઈપણ ત્રણ વિષયોમાં પોતાના ગુણ સુધારવા માટે પરીક્ષા આપી શકે છે. બોર્ડે 15 એપ્રિલના રોજ ધોરણ 10 ની પ્રથમ મુખ્ય પરીક્ષાના પરિણામો જાહેર કર્યા. આ પહેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સાથે સુસંગત છે. તેનો હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષમાં બીજી તક આપીને પરીક્ષા સંબંધિત તણાવ ઘટાડવાનો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---

**DESK**

# BHARUCH AAG UPDATE

ભરૂચ જિલ્લાની ઝઘડિયા GIDCમાં આગની ઘટનામાં 15થી વધુ શ્રમિક દાઝ્યા છે. ઔદ્યોગિક વસાહતમાં આવેલી મેટ્રોપોલિટન એક્ઝીમકેમ પ્રા.લી.માં અચાનક પ્રચંડ ધડાકા બાદ આગ લાગી હતી. ઘટનાની જાણ થતા જ ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા માટે ભારે પ્રયાસો હાથ ધર્યા હતા. દુર્ઘટનામાં દાઝી ગયેલા શ્રમિકોને હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું મામલતદાર એન.સી રાણાએ જણાવ્યું હતું.

**(BYTE: N.C. RANA, MAMLATDAR)**

# DAMAN CHORI

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ચોરી કરતી આંતરરાજ્ય ટોળકીનો પર્દાફાશ થયો છે. આ મામલે પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ટોળકી દમણ, વાપી, સિલવાસા, પારડી, વલસાડ, ભિલાડ અને સંજાણમાં વહેલી સવારે ઘરફોડ ચોરીઓ કરતી હતી. આ મામલે નાની દમણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસ શરૂ કરતાં વાપીના તળાવ ફળિયા વિસ્તારમાંથી આરોપીઓ ઝડપાઈ ગયા હતાં. કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ 50 મોબાઇલ ફોન, 5 લેપટોપ અને એક ટેબલેટ સહિત 13 લાખ રૂપિયાથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફોરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. આ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા રહેવાની પણ સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું, રાજ્યમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે.

**(BYTE : RAMASHRAY YADAV, SCIENTIST)**

# BHAVNAGAR LETTER

ભાવનગરની કોલેજના ગ્રંથપાલ ઢાઈ અખર પત્રલેખન સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમે રહ્યા છે. કેન્દ્ર સરકારના ટપાલ વિભાગ દ્વારા દેશના 23 સર્કલોએ 'મારા આદર્શ વ્યકિત’ વિષય પર હસ્તલિખિત પત્રલેખન સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ગુજરાત સર્કલ કક્ષાએ 26 હજાર 510 હસ્તલિખિત પત્રો પ્રાપ્ત થયા હતા. તે પૈકી 18 વર્ષથી મોટી ઉંમરના વયજૂથમાં ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજના ગ્રંથપાલ ભાર્ગવ જાની સમગ્ર ગુજરાત સર્કલમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. 2025-26ની 'ઢાઈ અખર પત્રલેખન' સ્પર્ધામાં હવે તેમનો આ વિજેતા પત્ર રાષ્ટ્રીય કક્ષાની મુખ્ય સ્પર્ધામાં સામેલ થયો છે.

# AHMEDABAD NAKLI GHEE

અમદાવાદના નિકોલમાંથી 400 કિલો બનાવટી ઘી ઝડપાયું છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે દરોડો પાડી અંદાજે એક લાખ 60 હજાર રૂપિયાની કિંમતનો 400 કિલો બનાવટી ઘીનો જથ્થો ઝડપી પડ્યો છે. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે, કોઈપણ રજીસ્ટ્રેશન કે પરવાના વગર જ અહીં ભેળસેળિયું ઘી બનાવીને પેકિંગ કરવામાં આવતું હતું. બનાવટી ઘીના નમૂના લઈ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા છે.

# GIRNAR BACHAVO

જૂનાગઢમાં ગિરનાર બચાવો અભિયાન અંતર્ગત આજે સાધુ-સંતો અને વિવિધ સંગઠનોની એક વિશાળ રેલી નીકળી હતી. રેલી બાદ ગિરનાર પર્વત પર મંજૂરી વગરના બાંધકામો અને દબાણો સત્વરે દૂર કરવા માંગણી કરવામાં આવી હતી.